રજૂ તારીખ : ૧૧/૦૨/૨૦૨૫
દાખલ તારીખ : ૧૧/૦૨/૨૦૨૫
નિકાલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ : ભાવનગર.**

**ચુકાદો આપ્યાની તારીખ : સેશન્સ કેસ નં.૯/૨૦૨૫**
**તા.૧૩/૦૩/૨૦૨૬**

**સોનગઢ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૮૦૪૮૨૪૦૪૨૨/૨૦૨૪**

**ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.**

| | |
|---|---|
| **ફરિયાદી :** | **શ્રી સરકાર....**<br>**દીનેશભાઇ વિક્રમભાઇ વાઘેલા,**<br>ઉ.વ.૨૨, ધંધો : ખેતી,<br>રહે.ટોડી ગામ, તા.સિહોર, જિ.ભાવનગર. |
| **સરકાર તરફે :** | **વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી** |
| **આરોપીઓ :** | **૧. અશોકભાઇ નારણભાઇ બલીયા,**<br>ઉ.વ.૩૭, રહે.ટોડી ગામ, તા.સિહોર, જિ.ભાવનગર. |
| | **૨. ગોકુળભાઇ નારણભાઇ બલીયા,**<br>ઉ.વ.૩૬, રહે.ટોડી ગામ, તા.સિહોર, જિ.ભાવનગર. |
| **આરોપીઓ તરફે :** | **વિધ્વાન વકીલ શ્રી યુ.આર.દવે** |

## -: ફોર્મ – બી :-

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૦૮/૧૧/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ : | ૦૮/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ : | ૨૮/૦૧/૨૦૨૫ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ : | ૦૬/૦૫/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ : | ૦૯/૦૯/૨૦૨૫ |
| ચૂકાદો અનામત રાખ્યાની તારીખ : | ૨૭/૦૨/૨૦૨૬ |
| ચૂકાદો આપ્યા તારીખ : | ૧૩/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો : | -- |

## -: આરોપીની વિગત :-

| આરોપીનો ક્રમ | આરોપીઓના નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છૂટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશોકભાઇ નારણભાઇ બલીયા | ૦૯/૧૧/૨૦૨૪ | -- | BNS 103(1), 109, 115(2), 352, 54, GPA 135 | નિર્દોષ | -- | -- |
| ૨ | ગોકુળભાઇ નારણભાઇ બલીયા | ૧૪/૧૧/૨૦૨૪ | ૧/૫/૨૦૨૫ | BNS 103(1), 109, 115(2), 352, 54, GPA 135 | નિર્દોષ | -- | -- |

## -:: ચૂકા દો ::-

૧. આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

૨. ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, **ફરિયાદી દિનેશભાઇ વિક્રમભાઇ વાઘેલા** ટોડી ગામે પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પિતા વિક્રમભાઇ શીવાભાઇ વાઘેલાએ આશરે બારેક વર્ષ પહેલા તેઓના ગામમાં સરકારી જગ્યામાં ઉકરડો કરવા સારુ વાડો વાળેલ

છે, જે જગ્યા તેઓના કબજામાં છે. આજરોજ તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યે તેમના ઘરે હાજર હતા અને તેમના પિતા વાડીએ કામ કરવા જતા હતા ત્યારે તેમના પિતા તેઓના ઘરની શેરીમાં ચાલીને જતા હતા ત્યારે તેઓના ગામના અશોકભાઇ નારણભાઇ બલીયા તથા ગોકુળભાઇ નારણભાઇ બલીયા બંને હાથમાં લાકડી સાથે આવીને તેમના પિતાને પગના ભાગે માર મારવા લાગતા તેઓ દોડીને ત્યાં ગયેલ હતા. આ વખતે તેમના પિતાને અશોકભાઇએ લાકડીનો એક ઘા માથાની જમણી બાજુ ઉપરના ભાગે તથા ડાબા જડબાના ભાગે એક ઘા મારી દીધેલ હતો અને ગોકુળભાઇએ જમણા હાથના કાંડા ઉપર લાકડીનો એક ઘા મારી દીધેલ તથા જમણા પડખાના ભાગે એક ઘા મારી દીધેલ અને ડાબા કાનની બુટી ઉપર એક ઘા મારી દીધેલ હતો. આ વખતે તેમના પિતા દેકારો કરવા લાગતા આજુબાજુવાળા આવી જતા અશોકભાઇ તથા ગોકુળભાઇ બંને ગાળો બોલતા બોલતા જતા રહેલ હતા અને તેમના પિતાને માથાના ભાગે તથા કાનના ભાગે લોહી નીકળતુ હોય જેથી તેઓ તથા તેમના કુટુંબી ભાઇ દિનેશભાઇ લખમણભાઇ વાઘેલા બંને મોટરસાઇકલ ઉપર બેસાડી સોનગઢ પહોંચતા તેમના પિતા બેભાન થઇ ગયેલ હતાં. તેથી કોઇ અજાણ્યા ઇકકો ફોરવ્હીલ ગાડી ભાડે રાખી તેમાં તેમના પિતાને બેસાડી સીહોર સરકારી દવાખાને સારવારમાં લઇ જતા વધુ સારવાર માટે ભાવનગર લઇ જવાનું કહેતા સીહોરની એમ્બ્યુલન્સમાં ભાવનગર ડો.દીજેશ શાહ, મેરુ નર્સીંગ હોમમાં સારવારમાં લાવી દાખલ કરેલ હતા. ત્યાંના ફરજ પરના ડોકટર સાહેબે બીજી જગ્યાએ લઇ જવાનું કહેતા એમ્બ્યુલન્સમાં ભાવનગર સર ટી. હોસ્પીટલમાં સારવારમાં દાખલ કરેલ છે અને તેમના પિતાને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ છે તેમજ ડાબા જડબાના ભાગે, જમણા હાથના કાંડા ઉપર તથા જમણા પગના ગોઠણનાં ભાગે તથા જમણા પડખાના ભાગે મુંઢ ઈજાઓ થયેલ છે અને ડાબા

કાનની બુટીના ભાગે લોહી નીકળેલ છે અને તેમના પિતા બેભાન અવસ્થામાં છે અને સારવાર શરુ છે.

૨.૧. આ બનાવનું કારણ એવુ છે કે, તેમના પિતાએ સરકારી જગ્યામાં ઉકરડો બનાવવા સારુ વાડો વાળેલ હોય જે જગ્યા અશોકભાઇ તથા ગોકુળભાઇને જોતી હોય જેથી અગાઉ તેઓની સાથે ઝઘડો કરેલ તેની દાઝ રાખી તેમના પિતાને આજરોજ સવારના સાડા સાતેક વાગ્યે તેઓના ગામના અશોકભાઇ તથા ગોકુળભાઇએ લાકડી વડે માર મારી મોત નીપજાવવાના ઈરાદે માથાના ભાગે ગંભીર ઈજા કરેલ અને ઉપર મુજબ મુંઢ ઈજાઓ કરેલ હોય તો તેના સામે ધોરણસર થવા તેમની ફરિયાદ છે.

૨.૨. આ મતલબના બનાવની ફરિયાદ ફરિયાદીએ તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ સોનગઢ પો.સ્ટે.નાં પી.એસ.આઇ., બી.બી..સોલંકી સમક્ષ નોંધાવતા ઉપરોકત ફરિયાદના આધારે ગુનો નોંધ્યા બાદ તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાવતા સીહોરના વિધ્વાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

૩. સદર કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલની જરૂર છે કે કેમ? તેવી ખાતરી કરતાં આરોપીએ પોતાના ખર્ચે વકીલ રોકેલ છે. ત્યારબાદ સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય સીહોરના વિધ્વાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ધ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ આ કેસની સુનાવણી સેશન્સ અદાલત મારફત હાથ ધરવામાં આવેલ છે.

૪. ત્યારબાદ અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપીઓ વિરૂધ્ધ આંક ૭ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનાં ગુનાનું તહોમતનામું ફરમાવી આરોપીઓનો અનુક્રમે આંક ૮, ૯ થી જવાબ લેતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ

વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ, જેમાં ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | નામ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | ડો.હેમલ કમલેશભાઈ મોગા | ૧૧ | મરણ જનારની સારવાર તથા પી.એમ. કરનાર |
| ૨ | દિનેશભાઈ વિક્રમભાઈ વાઘેલા | ૨૨ | ફરિયાદી |
| ૩ | અલ્પાબેન વિક્રમભાઈ વાઘેલા | ૨૫ | મરણ જનારના પુત્રી |
| ૪ | કાંતુબેન રવજીભાઈ વાઘેલા | ૨૬ | મરણ જનારના ભાભી |
| ૫ | જીકુબેન વિક્રમભાઈ વાઘેલા | ૨૭ | મરણ જનારના પત્ની |
| ૬ | વર્ષાબેન વિક્રમભાઈ વાઘેલા | ૨૮ | મરણ જનારના પુત્રી |
| ૭ | રતનબેન દિનેશ વાઘેલા | ૨૯ | મરણ જનારના પુત્રવધુ |
| ૮ | રવજીભાઈ શીવાભાઈ વાઘેલા | ૩૦ | મરણ જનારના ભાઈ |
| ૯ | જીણાભાઈ ભાણાભાઈ વાઘેલા | ૩૧ | સાહેદ |
| ૧૦ | નરેશભાઈ નાનુભાઈ વાઘેલા | ૩૨ | સાહેદ |
| ૧૧ | નાનુભાઈ શીવાભાઈ વાઘેલા | ૩૩ | મરણ જનારના ભાઈ |
| ૧૨ | બાબુભાઈ જેરામભાઈ પરમાર | ૩૯ | અટક પંચનામાના પંચ |
| ૧૩ | રમેશભાઈ જીવરાજભાઈ ખેરાળા | ૪૧ | અટક પંચનામાના પંચ |
| ૧૪ | નાનુભાઈ વાલજીભાઈ ડાભી | ૪૨ | અટક પંચનામાના પંચ |
| ૧૫ | ભાવેશભાઈ રવજીભાઈ કાંબડ | ૪૭ | અટક પંચનામાના પંચ |
| ૧૬ | અભયભાઈ મનુભાઈ પરમાર | ૫૦ | પી.એસ.ઓ. |
| ૧૭ | ભરતભાઈ ભાનુભાઈ સોલંકી | ૫૪ | તપાસ કરનાર અમલદાર |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | જે સાહેદની જુબાનીમાં | વિગત |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | | **રીફર થયેલ છે તે સાહેદની વિગત** | |
| ૧ | ૧૨ | સાહેદ નં.૧ | ફેરબદલી ફોર્મ |
| ૨ | ૧૩ | સાહેદ નં.૧ | ઈજાનું પ્રમાણપત્ર |
| ૩ | ૧૪ | સાહેદ નં.૧ | સેમ્પલ સીલનો ફોરવર્ડીંગ લેટર |
| ૪ | ૧૫ | સાહેદ નં.૧ | પી.એમ. રીપોર્ટ |
| ૫ | ૧૬ | સાહેદ નં.૧ | સેમ્પલ સીલનો ફોરવર્ડીંગ લેટર |
| ૬ | ૧૭ | -- | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૭ | ૧૮ | -- | આરોપીએ ગુના સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૮ | ૧૯ | -- | પી.એમ. દરમ્યાન તથા આરોપીની મેડીકલ તપાસ દરમ્યાન ડોકટરે લીધેલ નમૂના કબજે કર્યાનું પંચનામું |
| ૯ | ૨૦ | -- | મરણોત્તર ફોર્મ |
| ૧૦ | ૨૩ | સાહેદ નં.૨ | ફરિયાદ |
| ૧૧ | ૩૪ | -- | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૨ | ૩૫ | -- | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા યાદી |
| ૧૩ | ૩૬ | -- | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી મોકલ્યાનો ફોરવર્ડીંગ લેટર |
| ૧૪ | ૩૭ | -- | ગુનાવાળી જગ્યાનો નકશો |
| ૧૫ | ૩૮ | -- | પંચ રોજકામ |
| ૧૬ | ૪૦ | સાહેદ નં.૧૨ | અટક પંચનામું |
| ૧૭ | ૪૩ | સાહેદ નં.૧૪ | અટક પંચનામું |
| ૧૮ | ૪૪ થી | સાહેદ નં.૧૪ | પંચ સ્લીપ |

| | | | |
|---|---|---|---|
| | ૪૬ | | |
| ૧૯ | ૪૮ | -- | એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૦ | ૫૧ | સાહેદ નં.૧૬ | સ્ટેશન ડાયરીની ખરી નકલ |
| ૨૧ | ૫૨ | સાહેદ નં.૧૬ | તપાસ સંભાળવાની યાદી |
| ૨૨ | ૫૩ | સાહેદ નં.૧૬ | એફ.એસ.એલ.ને કરેલ યાદી |
| ૨૩ | ૫૫ | સાહેદ નં.૧૭ | ભારે ગુનાનો મેસેજ |
| ૨૪ | ૫૬ | સાહેદ નં.૧૭ | કલમનો ઉમેરો કરવાની યાદી |
| ૨૫ | ૫૭ | સાહેદ નં.૧૭ | ઇન્કવેસ્ટ ભરવા પધારવા યાદી |
| ૨૬ | ૫૮ | સાહેદ નં.૧૭ | બી.એસ.એલ. કલમ ૬૩(૪)(સી) પાર્ટ-એ મુજબ પ્રમાણપત્ર |
| ૨૭ | ૫૯ | સાહેદ નં.૧૭ | હેશ વેલ્યુનું પ્રમાણપત્ર |
| ૨૮ | ૬૦ | સાહેદ નં.૧૭ | એકસ-રે રીપોર્ટ |
| ૨૯ | ૬૧ | સાહેદ નં.૧૭ | સીટી સ્કેન રીપોર્ટ |
| ૩૦ | ૬૨ | સાહેદ નં.૧૭ | એમ.એલ.સી. યાદી |
| ૩૧ | ૬૩ | સાહેદ નં.૧૭ | કોલ ડીટેઇલ મળવા યાદી |
| ૩૨ | ૬૪ | સાહેદ નં.૧૭ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૩૩ | ૬૫ | સાહેદ નં.૧૭ | એફ.એસ.એલ. ની પહોંચ |
| ૩૪ | ૬૬ | સાહેદ નં.૧૭ | હથિયારબંધીનું જાહેરનામું |
| ૩૫ | ૬૭ | સાહેદ નં.૧૭ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર |
| ૩૬ | ૬૮ | સાહેદ નં.૧૭ | એફ.એસ.એલ.નો બાયોલજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ તથા પૃથ્થકરણના પરિણામો |

૫. ઉપર મુજબનો પુરાવો લીધા બાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનો ઇન્કાર કરી તેઓ

નિર્દોષ હોવાનું તેમજ પોતાને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલાનું તથા ગુજરનાર અકસ્માતના લીધે મૃત્યુ પામેલ છે તેવુ જણાવેલ છે.

૬. સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી ને સાંભળ્યા. તેમની દલીલનો સારાંશ એવો છે કે, હાલના કામે ફરિયાદ હકીકતને મરણ જનારનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. આરોપીઓને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની હકીકત પરથી પણ આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર થાય છે. વધુમાં તમામ સાહેદોના પુરાવાથી તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદી દીનેશભાઇ વિક્રમભાઇ વાઘેલા તથા તેના પિતા વિક્રમભાઇ વાઘેલાએ પોતાના ગામમાં સરકારી જગ્યામાં ઉકરડો બનાવેલ હોય, જે જગ્યા આ કામના આરોપીઓને જોતી હોય જેથી તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ કલાક ૦૭:૩૦ વાગ્યે ફરિયાદીના પિતા પોતાના ઘર પાસે ચાલીને શેરીમાં નીકળતા આરોપીઓ લાકડીઓ સાથે આવી ગાળાગાળી કરી આરોપી નં.૧ નાંએ ફરિયાદીના પિતાને માથાની જમણી બાજુ એક ઘા મારી ગંભીર ઈજા કરી તેમજ જડબાના ભાગે એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ આરોપી નં.ર નાંએ લાકડી વડે ફરિયાદીના પિતાને જમણા હાથના કાંડા ઉપર એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ જમણા પડખાના ભાગે એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ ડાબા કાનની બુટી ઉપર એક ઘા મારી ઈજા કરી તેનું મોત નીપજાવેલાનું નિ:શંકપણે પુરવાર થતું હોય આરોપીઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવી જોઇએ.

૭. આરોપીઓ તરફે વિધ્વાન વકીલને સાંભળ્યા. આરોપીઓ તરફે કરવામાં આવેલ દલીલનો સારાંશ એવો છે કે, આ કામે ખુદ ફરિયાદીએ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેમજ તેમના કુટુંબીજનોએ પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. ઉલટાનું તેઓ તમામે મરણ જનારનું મોત અકસ્માત થવાથી

થયેલાનું જણાવેલ છે. જેથી આરોપીઓએ હાલનો ગુનો આચરેલાનું નિ:શકંપણે પુરવાર માની શકાય નહિ. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ તેવી દલીલ કરેલ છે.

૮. ઉપરોકત સંજોગોમાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણ જનાર વિક્રમભાઇ વાઘેલાનું અકુદરતી મૃત્યુ થયેલુ છે અને તે સાપરાધ મનુષ્યવધ છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદી દીનેશભાઇ વિક્રમભાઇ વાઘેલા તથા તેના પિતા વિક્રમભાઇ વાઘેલાએ પોતાના ગામમાં સરકારી જગ્યામાં ઉકરડો બનાવેલ હોય, જે જગ્યા આ કામના આરોપીઓને જોતી હોય જેથી તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ કલાક ૦૭:૩૦ વાગ્યે ફરિયાદીના પિતા પોતાના ઘર પાસે ચાલીને શેરીમાં નીકળતા આરોપીઓ લાકડીઓ સાથે આવી ગાળાગાળી કરી આરોપી નં.૧ નાંએ ફરિયાદીના પિતાને માથાની જમણી બાજુ એક ઘા મારી ગંભીર ઈજા કરી તેમજ જડબાના ભાગે એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ આરોપી નં.ર નાંએ લાકડી વડે ફરિયાદીના પિતાને જમણા હાથના કાંડા ઉપર એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ જમણા પડખાના ભાગે એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ ડાબા કાનની બુટી ઉપર એક ઘા મારી ઈજા કરતા ફરિયાદીના પિતા તા.૧૦/૧૧/૨૦૨૪ ના રોજ સારવાર દરમ્યાન મરણ પામેલ હોય આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૫(૨), ૩પર, પ૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદા નં.૧,૨ સંયુકત :-**

૧૦. આ કામે ફરિયાદ પક્ષનો કેસ મુખ્યત્વે એ મતલબનો છે કે, ફરિયાદી દીનેશભાઇ વિક્રમભાઇ વાઘેલા તથા તેના પિતા વિક્રમભાઇ વાઘેલાએ પોતાના ગામમાં સરકારી જગ્યામાં ઉકરડો બનાવેલ હોય, જે જગ્યા આ કામના આરોપીઓને જોતી હોય જેથી તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ કલાક ૦૭:૩૦ વાગ્યે ફરિયાદીના પિતા પોતાના ઘર પાસે ચાલીને શેરીમાં નીકળતા આરોપીઓ લાકડીઓ સાથે આવી ગાળાગાળી કરી આરોપી નં.૧ નાંએ ફરિયાદીના પિતાને માથાની જમણી બાજુ લાકડીનો એક ઘા મારી ગંભીર ઈજા કરી તેમજ જડબાના ભાગે એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ આરોપી નં.૨ નાંએ લાકડી વડે ફરિયાદીના પિતાને જમણા હાથના કાંડા ઉપર એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ જમણા પડખાના ભાગે એક ઘા મારી મુઢ ઈજા કરી તેમજ ડાબા કાનની બુટી ઉપર એક ઘા મારી ઈજા કરતા ફરિયાદીના પિતા તા.૧૦/૧૧/૨૦૨૪ ના રોજ સારવાર દરમ્યાન મરણ પામેલ અને તે અન્વયે આરોપીઓ સામે આંક ૭ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તે તહોમતનામું પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી કુલ ૧૭ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.

**મેડીકલ પુરાવો :–**

૧૧. **મુદા નં.૧** ને લાગેવળગે છે ત્યાં સુધી મરણ જનાર વિક્રમભાઇ વાઘેલાને ગંભીર પ્રકારની ઈજાઓ થતાં તેનું અકુદરતી મૃત્યુ થયેલુ છે કે કેમ અને તે સાપરાધ મનુષ્યવધ છે કે કેમ તે બાબતે મહત્વનો

પુરાવો મેડીકલ એવીડન્સ જોઇએ તો ફરિયાદ પક્ષ તરફે **મરણ જનારની સારવાર કરનાર તથા મરણ જનારની લાશનું પી.એમ. કરનાર ડો.હેમલ કમલેશભાઇ મોગાને આંક ૧૧ થી તપાસેલ છે.** તેમનો પુરાવો ધ્યાને લેતા તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ દર્દી નામે વિક્રમભાઇ શીવાભાઇ વાઘેલાને તેના પુત્ર દીનેશભાઇ સવારે દસ કલાકે સારવાર માટે લઇને આવેલા અને દીનેશભાઇએ જણાવેલ કે તેમના પિતા વિક્રમભાઇને લાકડીથી મારામારીમાં ટોડી ગામે વાઘરીવાસ જગ્યાએ પાણીની ટાંકી પાસે તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ સવારે આઠ વાગ્યે ઈજા થયેલ છે અને દર્દી સી.એચ.સી. શીહોર ખાતેથી રીફર થઇને મેરુ નર્સીંગ હોમમાં લાવેલ છે. દર્દી આવ્યા સમયે બેભાન અવસ્થામાં હતાં અને વાઇટલ્સ સારવાર સર્ટીફીકેટ મુજબ હતાં.

૧૧.૧. વધુમાં આ સાહેદ જણાવે છે કે, દર્દીની બાહય તપાસ કરતા નીચે મુજબની ઈજા જોવા મળેલ. (૧) જમણી બાજુના ઉપરના માથા પર સ્પ્લીટ લેશરેશન (ફાટેલી) ઈજા હતી (૨) ડાબી આંખની બહારના ભાગે લેશરેશન હતું (૩) ડાબા કાનની બુટ પાસે લેશરેશન હતું (૪) જમણી બાજુની બહારના નીચેના ભાગે દબાણ પ્રકારના છોલાણ સાથેનો મુંઢમાર હતો (૫) જમણી બાજુની અગ્રબાહુ પર નીચેના ૧/૪ ભાગમાં અને કાંડામાં મુંઢમાર હતો (૬) ડાબી અગ્રબાહુ પર મુંઢમાર હતો (૭ થી ૧૦) જમણી બાજુના આખા પગ પર કુલ ૪ ટ્રામલાઇન પ્રકારના મુંઢમાર હતાં (૧૧) ડાબી ઘુંટીની બહારની બાજુએ છોલાણ હતું. ઉપરોકત દરેક ઈજાઓ ઘાટી લાલ હતી અને તેનુ વિસ્તૃત વર્ણન સારવાર સર્ટીફીકેટ મુજબનું છે. તેમના અભિપ્રાય મુજબ દર્દીને થયેલી ઈજા તાજી, ગંભીર અને બ્લન્ટ ફોર્સથી થયેલ હતી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, દર્દીની આંતરિક ઈજાઓ સારવાર સર્ટીફીકેટ સાથે બીડેલ બે રેડીયોલોજી રીપોર્ટ મુજબ હતી.

૧૧.૨. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ગઇ તા.૧૦/૧૧/૨૦૨૪ ના રોજ સર ટી. હોસ્પીટલ, ભાવનગર ખાતે મદદનીશ પ્રાધ્યાપક તરીકે

પોતાની ફરજ પર હતા ત્યારે એક લાશનું પેનલ પી.એમ. કરવા માટે બી.બી.સોલંકી, પી.એસ.આઇ. ધ્વારા તૈયાર કરેલ યાદી સોનગઢ પોલીસ સ્ટેશનથી પો.કો. જે.એમ. દેસાઇ લઇને આવેલ, જેમાં પી.એમ. કરવાની યાદી, ઈન્કવેસ્ટ પંચનામું તથા મરણોત્તર ફોર્મ સામેલ હતું. આ લાશ વિક્રમભાઇ શીવાભાઇ વાઘેલાની હતી. ત્યારબાદ આ લાશનું પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ. તે દરમ્યાન તેમની સાથ પેનલ ડો.એમ.કે.કામળીયા તથા ડો.શ્રી વત્સન હતાં. આ લાશ તે જ દિવસે બપોરના ૧૨:૪૫ વાગ્યે મળેલી અને લાશનું શબ પરીક્ષણ બપોરના કલાક ૧૩:૦૦ વાગ્યે શરુ કરેલ અને બપોરના ૧૪:૨૦ વાગ્યે પુરુ કરેલ. આ લાશનું બાહ્ય પરીક્ષણ કરતાં આ લાશ ઓળખાયેલ હતી. તેમા પી.એમ. ના કોલમ નં.૭ અને ૮ મુજબ પહેરવેશ હતો. શબ પૃષ્ટ બાંધાનું અને ઠંડુ હતું. શબ અકડાવવાની પ્રક્રિયા પૂર્ણ શરીર ઉપર જોવા મળતી હતી. પી.એમ. લીવીડીટી શરીરના પાછળના ભાગે દબાણ સિવાયના ભાગે જાંબલી રંગની અને ફીકસ હતી.

૧૧.૩. વધુમાં આ સાહેદ જણાવે છે કે, શબને તપાસતા શરીર ઉપર નીચે મુજબની ઈજા માલુમ પડેલ. (૧) જમણી બાજુના ઉપરના માથા પર ટાંકા લીધેલ ઘા હતો અને જેની સુસંગત માથાની ચામડીની નીચે બંને ફ્રન્ટોપરાઇટલ વિસ્તારમાં લોહીનો ભરાવો હતો અને બંને પરાઇટલ હાડકામાં ફ્રેકચર હતું કે જે કોરોનલ સંચર અને બંને બાજુના ટેમ્પોરલ હાડકામાં જતું હતું. બંને બાજુના પરાઇટો ટેમ્પોરલ વિસ્તારમાં એકસ્ટ્રા ડયુરલ સબડયુરલ અને સબએરેકનોઇડ પ્રકારનો રકતસ્ત્રાવ જોવા મળેલ હતો (૨) ડાબી આંખની બહારના ભાગે લેશરેશન હતું (૩) ડાબા કાનની બુટ પાસે લેશરેશન હતું (૪) જમણી બાજુની બહારના નીચેના ભાગે દબાણ પ્રકારના છોલાણ સાથેનો મુંઢમાર હતો (૫) જમણી બાજુની અગ્રબાહુ પર નીચેના ૧/૪ ભાગમાં અને કાંડામાં મુંઢમાર હતો તેની આંતરિક તપાસ કરતા રેડીયસ અને અલના હાડકામાં ફ્રેકચર હતું અને તેની આજુબાજુ લોહીનો ભરાવો હતો (૬) ડાબી અગ્રબાહુ

પર મુંઢમાર હતો (૭ થી ૧૦) જમણી બાજુના આખા પગ પર કુલ ૪ ટ્રામલાઇન પ્રકારના મુંઢમાર હતાં (૧૧) ડાબી ઘુંટીની બહારની બાજુએ છોલાણ હતું. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ઈજા નં.૧ થી ૪ અને ઈજા નં.૧૧ માં ઘાટા લાલાશ પડતુ કથ્થાઇ લોહી ગંઠાયેલ હતું અને દરેક મુંઢમાર લાલાશ પડતા લીલા રંગના હતાં અને ઉપરોકત ઈજાઓનું વિસ્તૃત વર્ણન સારવાર સર્ટીફીકેટ મુજબનું છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, શબની આંતરિક તપાસ કરતા મગજ ફીકકુ હતું, છાતી અને પેટની રચના યથાવત હતી અને અંગો ફીકકા હતા. અન્નમાર્ગમાંથી અસામાન્ય ગંધ આવતી ન હતી. શબ પરીક્ષણને અંતે એફ.એસ.એલ. ફોરવર્ડીંગ પત્ર મુજબના નમૂનાઓ સાચવી રાખવામાં આવેલ હતાં.

૧૧.૪. વધુમાં આ સાહેદ જણાવે છે કે, શબ પરીક્ષણના અંતે મૃત્યુનું કારણ માથામાં થયેલી ઈજા છે તથા મરણ જનારના શરીર ઉપર જોવા મળેલી ઈજાઓ મૃત્યુ પહેલાની, એક થી બે દિવસ જુની અને બ્લન્ટ ફોર્સથી થયેલ હતી તે મુજબનો અભિપ્રાય તેઓ પેનલ ડોકટરોએ આપેલ હતો. આ સાહેદની જુબાની દરમ્યાન આંક ૧૨ થી ૧૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

૧૧.૫. આ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે, પી.એમ. કરવાની યાદી મળી તેની સાથે તેમને ઇન્કવેસ્ટ પંચનામું અને મરણોત્તર ફોર્મની નકલ મળેલી જેનો તેમણે અભ્યાસ કરેલો. તેમણે મરણ જનારના દીકરા દીનેશભાઇને બનાવ અંગેની હિસ્ટ્રી મરણ જનારની સારવાર કરતા સમયે પુછેલી અને તે તેમના એમ.એલ.સી. માં નોંધેલી. તેઓએ ઈજા પમાડનાર વ્યકિતનું પુરુ નામ, સરનામું, સંખ્યા વિગેરે જણાવેલ નહિ. તેઓ કબૂલ રાખે છે કે, સદર દર્દી એડમીટ થયા અને હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ થયા તે સમગ્ર સમયગાળા દરમ્યાન આ દીનેશભાઇએ હિસ્ટ્રીમાં જણાવેલ વિગત સિવાય વિશેષ કોઇ વિગત જણાવેલ નથી. તેઓ કબૂલ રાખે છે કે, આંક ૧૩ વાળા ઈજાના સર્ટીફીકેટ અને કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ અને ૫

સિવાયની ઈજાઓની કોઇ આનુસંગિક આંતરિક ઈજા જોવા મળેલ નહિ. તેઓ કબૂલ રાખે છે કે, આંક ૧૩ વાળા ઈજાના સર્ટીફીકેટ અને કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ સિવાયની ઈજાઓથી મૃત્યુ સંભવી શકે તેમ ન હતું. પી.એમ. રીપોર્ટની કોલમ નં.૧૭ માં જે ઈજા નં.૧ જણાવેલી છે તેને આનુસંગિક ઈજાનો ઉલ્લેખ કોલમ નં.૧૭ અને ૧૯ માં કરેલ છે. તેઓ કબૂલ રાખે છે કે, કોલમ નં.૧૭ અને ૧૯ માં ઈજા નં.૧ અને આનુસંગિક એકસ્ટ્રાડયુરલ, સબડયુરલ, સબએરેકનોઈડ પ્રકારના હેમરેજનો ઉલ્લેખ કરેલ છે. તેઓ કબૂલ રાખે છે કે, મરણ જનારનું મૃત્યુ ઈન્જરી સર્ટીફીકેટની ઈજા નં.૧ અને પી.એમ. નોટના કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ ના કારણે થયેલાની સંભાવના છે. તેઓ કબૂલ રાખે છે કે, મરણ જનારને જે હેમરેજીસ હતાં તે વાહન અકસ્માતથી સંભવી શકે તેવા હતા.

૧૧.૬. આમ, ઉપરોકત મરણ જનારની સારવાર તથા મરણ જનારની લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરનો પુરાવો ધ્યાને લેતા તેમણે સ્પષ્ટ રીતે સારવાર તથા પી.એમ. દરમ્યાન મરણ જનારના શરીર ઉપર જોવા મળેલ ઉપરોકત ૧ થી ૧૧ નંબર સુધીની ઈજાઓ જણાવી તે ઈજા તાજી, ગંભીર અને બ્લન્ટ ફોર્સથી થયેલાનું જણાવેલ છે. આ કામે બચાવ પક્ષ તરફે પી.એમ. કરનાર ડોકટરનાં પુરાવાનો આધાર લઈ એવો બચાવ લીધેલ છે કે, મરણ જનારને જે હેમરેજીસ હતાં તે વાહન અકસ્માતથી થયેલ છે. પરંતુ આ પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરે તેમના પુરાવા દરમ્યાન સ્પષ્ટપણે જણાવેલ છે કે, મરણ જનારનું મૃત્યુનું કારણ માથામાં થયેલી ઈજા છે તથા મરણ જનારના શરીર ઉપર જોવા મળેલી ઈજાઓ મૃત્યુ પહેલાની, એક થી બે દિવસ જુની અને બ્લન્ટ ફોર્સથી થયેલ છે. વધુમાં તેમણે એ હકીકત કબૂલ રાખેલ છે કે, મરણ જનારનું મૃત્યુ ઈન્જરી સર્ટીફીકેટની ઈજા નં.૧ અને પી.એમ. નોટના કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ ના કારણે થયેલાની સંભાવના છે તેમજ કોલમ નં.૧૭ અને ૧૯ માં ઈજા નં.૧ અને આનુસંગિક એકસ્ટ્રાડયુરલ,

સબડયુરલ, સબએરેકનોઇડ પ્રકારના હેમરેજનો ઉલ્લેખ કરેલ છે ત્યારે તેમજ આ કામે આંક ૧૭ થી રજૂ ઈન્કવેસ્ટ પંચનામું ધ્યાને લેતા મરણ જનારનું મોત મારામારીના બનાવમાં ગંભીર ઈજા થવાથી થયેલ હોવાનું પંચો તથા પોલીસનું માનવુ છે ત્યારે તેમજ મરણ જનારને થયેલ ઈજાઓને આંક ૧૩ ના ઈજાના પ્રમાણપત્ર તથા આંક ૧૫ ની પી.એમ. નોટસથી સમર્થન મળે છે, તે સંજોગોમાં મરણ જનાર વિક્રમભાઇ વાઘેલાનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ છે અને તે સાપરાધ મનુષ્યવધ છે તેવુ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સંપૂર્ણપણે સફળ થાય છે જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**<u>ફરિયાદીનો પુરાવો :-</u>**

૧૨. ફરિયાદ પક્ષ તરફે **આંક ૨૨ થી દિનેશભાઈ વિક્રમભાઇ વાઘેલાને** તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેમના બાપુજીનું નામ વિક્રમભાઇ શીવાભાઇ વાઘેલા છે. તેમના પિતાનો બનાવ દસ અગીયાર મહિના પહેલા સવારે સાતેક વાગ્યે બનેલો. બનાવ બન્યો તે સમયે તેઓ તેમના ઘરે હતા. તેમના ઘરથી આશરે પચાસેક ફુટ જાહેર રસ્તો આવેલ છે ત્યાં અકસ્માતનો બનાવ બનેલો અને ત્યાં માણસોનો દેકારો થતાં તેઓ ત્યાં ગયેલ. તેથી તેઓ તેમના પિતાને સારવાર માટે પ્રથમ શિહોર દવાખાને લઇ ગયેલા અને ત્યારબાદ ભાવનગર ડો.દીજેશભાઈ શાહના દવાખાને લાવેલા. ત્યાં તેમના પિતાની તબીયત વધારે બગડતા સરકારી દવાખાને ભાવનગર લઈ ગયેલા અને ત્યાં તેમના પિતા બનાવના ત્રીજા દિવસે ગુજરી ગયેલા. તેમણે બનાવ વિશે ફરિયાદ સરકારી દવાખાને આપેલી. તેમણે કોની સામે ફરિયાદ આપેલી તે તેમને ખ્યાલ નથી. તેમના સગા સબંધીઓએ ફરિયાદ લખાવેલી, તેમાં તેમણે સહી કરેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેમના પિતાને કોઇએ લાકડી વડે માર મારેલ હોય અને તેઓના નામ તેમણે ફરિયાદમાં લખાવેલ હોય અને શા કારણે બનાવ બનેલો તે પણ તેમણે ફરિયાદમાં લખાવેલ હોય. આ સાહેદ કોર્ટ રુબરુ પોતાની

ફરિયાદ જોઇ તેમાં પોતાની સહી ઓળખી બતાવી ફરિયાદ આંક ૨૨ થી રજૂ કરેલ છે. આમ, આ સાહેદ પોતાની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોવાથી વિધ્વાન પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા ઉલટ તપાસ દરમ્યાન પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતી કોઇ હકીકત જણાવેલ નથી.

૧૨.૧. આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ કબૂલ રાખે છે કે, અલ્પાબેન તેમના બેન થાય છે, કાંતુબેન તેમના મોટા કાકી થાય છે, જીકુબેન તેમના માતા થાય છે, વર્ષાબેન તેમના બેન થાય છે, રતનબેન તેમના પત્ની થાય છે. તેઓ કબૂલ રાખે છે કે, બનાવ બન્યો ત્યારે ઉપરોકત તમામ ઇસમો તેની જોડે તેમના ઘરે હાજર હતાં. તેઓ એ પણ કબૂલ રાખે છે કે, રવજીભાઇ શીવાભાઇ, જીણાભાઇ ભાણાભાઇ, નરેશભાઇ નાનુભાઇ અને નાનુભાઇ શીવાભાઇ તેઓ જયારે બનાવવાળી જગ્યાએ ગયા તે વખતે તે લોકો તેમની સાથે બનાવવાળી જગ્યાએ આવેલા. ઉપરોકત તમામ વ્યકિતઓ તેમના કુટુંબીજનો છે. તેઓ એ પણ કબૂલ રાખે છે કે, તેમણે ફરિયાદ આપી ત્યારે તેમના કુટુંબના સભ્યો અને ગામના ઘણા લોકો હોસ્પીટલમાં હાજર હતાં. ત્યાં પોલીસે માત્ર તેમનું નામ, સરનામું, ઉંમર અને મોબાઇલ નંબર જેવી વિગતો જ લીધેલી અને ફરિયાદની વિગત પોલીસે ત્યાં હાજર ઇસમોની પુછપરછ કરી લખી લીધેલી અને તૈયાર ફરિયાદમાં પોલીસે તેમની સહી લીધેલી. સહી સિવાયની ફરિયાદમાં જણાવેલી અન્ય હકીકત વિશે તેઓ વાકેફ નથી. તેઓ એ પણ કબૂલ રાખે છે કે, આજરોજ તેઓ જુબાની તેમની રાજુખુશીથી આપે છે અને કોઇપણ જાતના દાબદબાણ કે ધાકધમકી વગર જુબાની આપે છે.

**ફરિયાદીના કુટુંબીજનોનો પુરાવો :–**

૧૩. ફરિયાદ પક્ષ તરફે આંક ૨૫ થી સાહેદ અલ્પાબેન વિક્રમભાઇ વાઘેલાને, આંક ૨૬ થી સાહેદ કાંતુબેન રવજીભાઇ વાઘેલાને, આંક ૨૭ થી સાહેદ જીકુબેન વિક્રમભાઇ વાઘેલાને, આંક ૨૮ થી સાહેદ

વર્ષાબેન વિક્રમભાઇ વાઘેલાને, આંક ૨૯ થી સાહેદ રતનબેન દિનેશ વાઘેલાને, આંક ૩૦ થી સાહેદ રવજીભાઇ શીવાભાઇ વાઘેલાને, આંક ૩૧ થી સાહેદ જીણાભાઇ ભાણાભાઇ વાઘેલાને, આંક ૩૨ થી સાહેદ નરેશભાઇ નાનુભાઇ વાઘેલાને તથા આંક ૩૩ થી સાહેદ નાનુભાઇ શીવાભાઇ વાઘેલાને તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા આ તમામ સાહેદો ફરિયાદીના કુટુંબીજનો છે અને તેમાનાં મોટા ભાગના સાહેદોએ મરણ જનાર વિક્રમભાઇને અકસ્માતે ઈજા થયાનું તેમજ કેટલાક સાહેદોએ બનાવમાં શું બનેલુ તેની તેમને ખબર નથી તેવુ જણાવી ઉપરોકત તમામ સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી, જેથી વિધ્વાન પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા ઉલટ તપાસ દરમ્યાન પોતાનાં પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતી કોઇ હકીકત જણાવેલ નથી.

૧૩.૧. આ સાહેદોની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ કબૂલ રાખે છે કે, આજરોજ તેઓ જુબાની તેમની રાજુખુશીથી આપે છે અને કોઇપણ જાતના દાબદબાણ કે ધાકધમકી વગર જુબાની આપે છે.

**પંચ સાહેદોનો પુરાવો :–**

૧૪. ફરિયાદ પક્ષ તરફે આરોપીને અટક કરી મુદામાલ કબજે કર્યાના આંક ૪૦ વાળા પંચનામાના **પંચ સાહેદો બાબુભાઇ જેરામભાઇ પરમારને આંક ૩૯ થી તથા રમેશભાઇ જીવરાજભાઇ ખેરાળાને આંક ૪૧** થી તપાસેલ છે. તેમણે આંક ૪૦ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી વિધ્વાન પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા તેમાં પંચનામાની હકીકતને સમર્થન કરતી કોઇ હકીકત જણાવેલ નથી.

૧૫. ફરિયાદ પક્ષ તરફે આરોપીને અટક કરી મુદામાલ કબજે કર્યાના આંક ૪૩ વાળા પંચનામાના **પંચ સાહેદો નાનુભાઇ વાલજીભાઇ**

**ડાભીને આંક ૪૨ થી તથા ભાવેશભાઇ રવજીભાઇ કાંબડને આંક ૪૭** થી તપાસેલ છે. તેમણે આંક ૪૩ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી વિધ્વાન પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા તેમાં પંચનામાની હકીકતને સમર્થન કરતી કોઇ હકીકત જણાવેલ નથી.

**પી.એસ.ઓ.નો પુરાવો :-**

૧૬. ફરિયાદ પક્ષ તરફે **આંક ૫૦ થી અભયભાઇ મનુભાઇ પરમારને** તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ સોનગઢ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.નાં ચાર્જમાં હતાં ત્યારે સોનગઢ પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઇ. બી.બી. સોલંકી સમક્ષ લેવાયેલ ફરિયાદ ગુનો રજીસ્ટર કરવા તેઓને મળતા તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ નં.૨૦, કલાક ૨૧:૦૦ થી ગુના રજીસ્ટર નં.૧૧૧૯૮૦૪૮૨૪૦૪૨૨ અન્વયે બી.એન.એસ.ની કલમ ૧૦૯, ૧૧૫(૨), ૩૫૨, ૫૪, જી.પી.એકટ કલમ ૧૩૫ અન્વયે ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઇ. બી.બી. સોલંકીને તપાસ હુકમથી સોંપેલી તેમજ એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પરીક્ષણ કરવા મેસેજથી જાણ કરેલી. સદર ગુનાના કામે આ સિવાય તેમણે અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી. આ સાહેદની જુબાની દરમ્યાન આંક ૫૧ થી ૫૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

૧૬.૧. આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેમાંથી કોઇ ફળદાયી હકીકત બહાર આવેલ નથી.

**તપાસ કરનાર અમલદારનો પુરાવો :-**

૧૭. ફરિયાદ પક્ષ તરફે **આંક ૫૪ થી ભરતભાઇ ભાનુભાઇ સોલંકીને** તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા ગઇ તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ સોનગઢ પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે પોતાની ફરજ પર હતા તે દરમ્યાન સોનગઢ પોલીસ સ્ટેશનનાં તાબાના ટોડી ગામે બનેલ બનાવ સબંધે તેમને હકીકત મળતા તેમણે

હોસ્પીટલ જઇ ઈજા પામનારની તપાસ કરતા ઈજા પામનાર સારવારમાં હોય ત્યાં દીનેશભાઇ વિક્રમભાઇ વાઘેલા નામના વ્યકિતએ અશોકભાઇ તથા ગોકુળભાઇ નામના વ્યકિતઓ સામે તેઓના પિતાને માર મારવા સબંધેની હકીકત જાહેર કરતા આ ફરિયાદ તેમણે તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલી. સદર ફરીયાદ તેઓના પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ને ગુનો રજીસ્ટર કરવા સોંપેલ, ત્યારબાદ પી.એસ.ઓ. પરમારે ગુનાની તપાસ લેખીત હુકમથી તેઓને સોંપી આપેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ઈજા પામનાર સારવાર દરમ્યાન મરણ જાહેર થતા મરણ જનારનું બે પંચોની હાજરીમાં ઇન્કવેસ્ટ પંચનામુ કરવામા આવેલુ. બનાવવાળી જગ્યાએ જઇ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તપાસ દરમ્યાન સદર ગુનાના કામે બી.એન.એસ.ની કલમ–૧૦૩એ નો રીપોર્ટ કરેલો. સદર ગુનાના કામે બનાવના નજરે જોનાર સાહેદોના નીવેદનો તેમણે તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા. વધુમાં આ સાહેદ જણાવે છે કે, બનાવની જગ્યાએ લોકલ એફ.એસ.એલ.ની તપાસણી કરાવી તપાસણી અહેવાલ મેળવેલો તેમજ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને નકશો બનાવવા માટે યાદી કરેલી. તપાસ દરમ્યાન આરોપીઓને પંચોની હાજરીમા અટક કરેલા તેમજ આરોપી અશોક નારણભાઇએ એક મોટર સાયકલ રજુ કરતા તે પંચનામાની વીગતે કબ્જે લેવામા આવેલુ તેમજ સદર આરોપીએ એક લાકડી રજુ કરેલી જે પણ પંચનામાની વીગતે કબ્જે લીધેલી. આરોપીઓને અટક કર્યા બાદ તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા પંચોની હાજરીમા પંચનામાની વીગતે કબ્જે લીધેલ. તપાસ દરમ્યાન ગોકુળભાઇ નારણભાઇએ લાકડી રજુ કરતા તે કબ્જે લીધેલ તેમજ તેમના કપડા પણ કબ્જે લીધેલા.

૧૭.૧. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તપાસ દરમ્યાન મરણ જનારના મેડીકલ સેમ્પલો મેરુ નર્સીગ હોમ ખાતે લેવાયેલ હતા તે પોલીસ કોન્સ્ટેબલ દવારા રજુ થતા પંચોની હાજરીમા કબ્જે લીધેલ તેમજ ઇજા સંબંધેનુ સારવાર સર્ટીફીકેટ મેરુ નર્સીગ હોમમાંથી મેળવેલુ.

સર.ટી.હોસ્પીટલ ખાતે કરવામા આવેલ શબ પરીક્ષણનો અહેવાલ પણ તપાસના કામમા સામેલ રાખેલ. તપાસ દરમ્યાન જાહેર થયેલ મોબાઇલ ફોનની કોલ ડીટેલ્સ મેળવવા સી.ડી.આર. ફોર્મ તૈયાર કરી નોડલ ઓફીસરને મોકલી આપેલ. વીસ્તરણ અધીકારીશ્રી દવારા બનાવની જગ્યાનો નકશો બનાવી રજુ કરતા તે કાગળોમા સામેલ રાખેલ. વધુમા આ સાહેદ જણાવે છે કે, બનાવના અરસામા જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનું હથીયારબંધી અંગેનું જાહેરનામુ અમલમા હોવાથી નકલ મેળવી કાગળોમા સામેલ રાખી. તપાસ દરમ્યાન કબજે લેવામા આવેલ મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરી એફ.એસ.એલ. જુનાગઢને મોકલી આપેલ. આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરવા માટે પુરતો પુરાવો હોય નામ.અદાલતમા ચાર્જશીટ રજુ રાખેલુ. વધુમા આ સાહેદ જણાવે છે કે, આરોપી નં.૧ વી.સી. થી હાજર છે તે જ છે તથા આરોપી નં.૨ આજરોજ કોર્ટમા રુબરુ હાજર છે તે જ છે તથા મુદ્દામાલ કોર્ટમા રજુ છે તે જ છે. આ સાહેદની જુબાની દરમ્યાન આંક ૫૫ થી ૬૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે. વધુમાં આ સાહેદે તેમની જુબાની દરમ્યાન ફરિયાદી દિનેશભાઇ વીક્રમભાઇ વાઘેલાએ તેમના રુબરુ આપેલ ફરિયાદની હકીકત વિગતવાર જણાવેલ છે તેમજ સાહેદ અલ્પાબેન વીક્રમભાઇ વાઘેલા તથા સાહેદ કાન્તુબેન રવજીભાઇ વાઘેલા તેમજ સાહેદ જીકુબેન વીક્રમભાઇ વાઘેલા તેમજ સાહેદ વર્ષાબેન વીક્રમભાઇ વાઘેલા તેમજ સાહેદ રતનબેન દિનેશભાઇ વાઘેલા તેમજ સાહેદ રવજીભાઇ શીવાભાઇ વાઘેલા તેમજ સાહેદ જીણાભાઇ ભાણાભાઇ વાઘેલા તેમજ સાહેદ નરેશભાઇ નાનુભાઇ વાઘેલા તેમજ સાહેદ નાનુભાઇ શીવાભાઇ વાઘેલાએ તેમના રુબરુ આપેલ નિવેદનની હકીકત વિગતવાર જણાવેલ છે.

૧૭.૨. આ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે, ઇજા પામનારે સૌપ્રથમ સીહોર સી.એચ.સી.માં સારવાર કરાવેલી. તેમણે તપાસના કામે સીહોર સી.એચ.સી.નું એમ.એલ.સી. રજૂ રાખેલ નથી. તેઓ કબૂલ રાખે

છે કે, ઈજા પામનાર કે તેના સબંધીએ સીહોર સી.એચ.સી.માં કોઇ હિસ્ટ્રી આપેલ છે કે કેમ તેની તેમણે તપાસ કરેલ નથી તેમજ સીહોર સી.એચ.સી. નાં મેડીકલ ઓફીસરનું નિવેદન પણ મેળવેલુ નથી. તેઓ કબૂલ રાખે છે કે મેરુ નર્સીંગ હોમમાં જે બનાવ સબંધેની હિસ્ટ્રી આપવામાં આવેલી તેમાં આરોપીઓના નામ કે સંખ્યા ખુલતી ન હતી. તેઓ કબૂલ રાખે છે કે તેમણે તેમની તપાસ દરમ્યાન ઈજા પામનારને કઇ રીતે ઈજા થયેલી તે બાબતે કોઇ ડોકટરશ્રીનો અલાયદો અભિપ્રાય મેળવેલ નથી. તેઓ કબૂલ રાખે છે કે તેમણે તપાસના કામે કોઈ સાહેદોના લોહીવાળા કપડા કબજે કરેલ નથી.

૧૮. ઉપરોકત હકીકતે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીએ તેમના પુરાવા દરમ્યાન બનાવ બાબતે સ્પષ્ટપણે એવુ જણાવેલ છે કે, તેમના પિતાનો બનાવ દસ અગીયાર મહિના પહેલા સવારે સાતેક વાગ્યે બનેલો. બનાવ બન્યો તે સમયે તેઓ તેમના ઘરે હતા. તેમના ઘરથી આશરે પચાસેક ફુટ જાહેર રસ્તો આવેલ છે ત્યાં અકસ્માતનો બનાવ બનેલો અને ત્યાં માણસોનો દેકારો થતાં તેઓ ત્યાં ગયેલ. તેથી તેઓ તેમના પિતાને સારવાર માટે પ્રથમ શિહોર દવાખાને લઇ ગયેલા અને ત્યારબાદ ભાવનગર ડો.દીજેશભાઇ શાહના દવાખાને લાવેલા. ત્યાં તેમના પિતાની તબીયત વધારે બગડતા સરકારી દવાખાને ભાવનગર લઇ ગયેલા અને ત્યાં તેમના પિતા બનાવના ત્રીજા દિવસે ગુજરી ગયેલા. તેમણે બનાવ વિશે ફરિયાદ સરકારી દવાખાને આપેલી. આ હકીકતના અનુસંધાને ફરિયાદીની આંક ૨૩ થી રજૂ થયેલ ફરિયાદ ધ્યાને લેતા ફરિયાદીએ બનાવની ફરિયાદ સરકારી દવાખાને નહિ પરંતુ સોનગઢ પોલીસ સ્ટેશને આપેલ હોય તેવુ જણાય છે. આ હકીકતના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેતા તેમણે એવુ જણાવેલ છે કે, તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ સોનગઢ પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે પોતાની ફરજ પર

હતા તે દરમ્યાન સોનગઢ પોલીસ સ્ટેશનનાં તાબાના ટોડી ગામે બનેલ બનાવ સબંધે તેમને હકીકત મળતા તેમણે હોસ્પીટલ જઇ ઈજા પામનારની તપાસ કરતા ઈજા પામનાર સારવારમાં હોય ત્યાં દીનેશભાઇ વિક્રમભાઇ વાઘેલા નામના વ્યકિતએ અશોકભાઇ તથા ગોકુળભાઇ નામના વ્યકિતઓ સામે તેઓના પિતાને માર મારવા સબંધેની હકીકત જાહેર કરતા આ ફરિયાદ તેમણે તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલી. આમ, આ સાહેદે દવાખાને ફરિયાદ લીધાનું જણાવેલ હોય તે સંજોગોમાં ફરિયાદ ખરેખર હોસ્પીટલમાં લેવામાં આવેલ કે સોનગઢ પોલીસ સ્ટેશનમાં લેવામાં આવેલ તે હકીકત સ્પષ્ટ થતી નથી. વધુમાં ફરિયાદીના પુરાવા મુજબ તેઓ બનાવ સમયે ઘરે હોય તેઓએ બનાવ નજરે જોયેલ હોય તેવુ જણાતું નથી.

૧૮.૧. ફરિયાદીની ફરિયાદ તથા તપાસ કરનાર અમલદારના પુરાવા મુજબ ફરિયાદીએ આ કામના આરોપીઓ વિરુધ્ધ તેમના પિતાને લાકડી વડે ગંભીર ઈજા કરેલાની ફરિયાદ આપેલ છે, પરંતુ આ બાબતે ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતા તેમણે સ્પષ્ટપણે એવુ જણાવેલ છે કે, તેમણે કોની સામે ફરિયાદ આપેલી તે તેમને ખ્યાલ નથી. તેમના સગા સબંધીઓએ ફરિયાદ લખાવેલી, તેમાં તેમણે સહી કરેલી. એવુ બનેલ નથી કે તેમના પિતાને કોઇએ લાકડી વડે માર મારેલ હોય અને તેઓના નામ તેમણે ફરિયાદમાં લખાવેલ હોય અને શા કારણે બનાવ બનેલો તે પણ તેમણે ફરિયાદમાં લખાવેલ હોય. આમ, ફરિયાદીએ સ્પષ્ટપણે પોતાની ફરિયાદ કરતા વિરુધ્ધની હકીકત પોતાના પુરાવા દરમ્યાન જણાવી ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આ હકીકતના અનુસંધાને મરણ જનારની સારવાર તથા મરણ જનારની લાશનું પી.એમ. કરનાર ડોકટરનો પુરાવો ધ્યાને લેતા ફરિયાદીએ તેમના રુબરુ હિસ્ટ્રીમાં તેમના પિતા વિક્રમભાઇને લાકડીથી મારામારીમાં ટોડી ગામે વાઘરીવાસ જગ્યાએ પાણીની ટાંકી પાસે તા.૮/૧૧/૨૦૨૪ ના રોજ સવારે આઠ વાગ્યે ઈજા થયેલાનું જણાવેલ છે. પરંતુ આ ડોકટરે સ્પષ્ટપણે એવી હકીકત કબૂલ રાખેલ છે કે, તેઓએ ઈજા

પમાડનાર વ્યકિતનું પુરુ નામ, સરનામું, સંખ્યા વિગેરે જણાવેલ નહિ. સદર દર્દી એડમીટ થયા અને હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ થયા તે સમગ્ર સમયગાળા દરમ્યાન આ દીનેશભાઇએ હિસ્ટ્રીમાં જણાવેલ વિગત સિવાય વિશેષ કોઇ વિગત જણાવેલ નથી. આ હકીકતના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેતા તેમણે સ્પષ્ટપણે કબૂલ રાખેલ છે કે, મેરુ નર્સીંગ હોમમાં જે બનાવ સબંધેની હિસ્ટ્રી આપવામાં આવેલી તેમાં આરોપીઓના નામ કે સંખ્યા ખુલતી ન હતી. તેઓ કબૂલ રાખે છે કે તેમણે તેમની તપાસ દરમ્યાન ઈજા પામનારને કઇ રીતે ઈજા થયેલી તે બાબતે કોઇ ડોકટરશ્રીનો અલાયદો અભિપ્રાય મેળવેલ નથી. ઈજા પામનારે સૌપ્રથમ સીહોર સી.એચ.સી.માં સારવાર કરાવેલી. તેમણે તપાસના કામે સીહોર સી.એચ.સી.નું એમ.એલ.સી. રજૂ રાખેલ નથી. ઈજા પામનાર કે તેના સબંધીએ સીહોર સી.એચ.સી.માં કોઇ હિસ્ટ્રી આપેલ છે કે કેમ તેની તેમણે તપાસ કરેલ નથી તેમજ સીહોર સી.એચ.સી. નાં મેડીકલ ઓફીસરનું નિવેદન પણ મેળવેલુ નથી. આમ, આ હકીકત ધ્યાને લેતા પણ આ કામના આરોપીઓ ધ્વારા જ મરણ જનારને લાકડીઓ વડે મારી ગંભીર જીવલેણ ઈજા કરેલાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

૧૮.૨. વધુમાં આ કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદીના કુટુંબીજનો જેમાં મરણ જનારના ભાઇ–ભાભી, પત્ની, પુત્રી તથા પુત્રવધુનો સમાવેશ થાય છે તેઓએ પણ તેમના પુરાવા દરમ્યાન આ કામના આરોપીઓ ધ્વારા નહિ પરંતુ અકસ્માતમાં મરણ જનારને ઈજા થયાની હકીકત જણાવેલ છે. વધુમાં આ કામે આરોપીઓને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જેથી સદર પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

૧૮.૩. આમ, કોઈપણ સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓએ ફરિયાદીના પિતાને લાકડીઓ વડે માર મારી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી તેનું મૃત્યુ નીપજાવેલાનું નિ:શંકપણે પુરવાર થતું ન હોય

ફરિયાદ પક્ષ આ કામના આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે જેથી ઉપરોકત સમગ્ર ચર્ચાના અંતે **મુદ્દા નં.૨** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદ્દા નં.૩ સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

૧. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૫૮ અન્વયે આ કામના **આરોપી નં.૧ અશોકભાઈ નારણભાઈ બલીયા તથા આરોપી નં.૨ ગોકુળભાઈ નારણભાઈ બલીયાને** તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ ની જોગવાઈઓ અને શરતો મુજબ પ્રત્યેક આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહિનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોટરસાઈકલ સબંધે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ મોટરસાઈકલની માલિકીપણાની ખરાઈ કરી અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલ મોટરસાઈકલ તેના ખરા માલિકને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે બાકીનો તમામ મુદ્દામાલ બિનકિંમતી હોય અપીલ સમય વિત્યા બાદ તમામ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપી નં.૧ અંડર ટ્રાયલ પ્રીઝનર હોય તેમની અન્ય કોઇ ગુનાના કામે જરૂરત ન હોય તો તેમને આ ગુનામાં તાત્કાલીક જેલ મુકત કરવા સબંધિત જેલ ઓથોરીટીને યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.

:: ચૂકાદો આજ તા.૧૩ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૧૩/૦૩/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

–yatin